# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૨ સને ૨૦૨૩ સં.૨૦૮૦

અંક : ૯ માગસર-ડિસેમ્બર સળંગ અંક-૧૨૯

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ જ્ઞાનવૈભવ
(વિવિધગ્રંથોમાંથી સંકલિત) - ૧
★ હજારો વર્ષના ભવિષ્યનાં એંધાણ આજે?
★ આત્મવિજ્ઞાન - ૨
★ આત્માનું અસ્તિત્વ
★ પૂજ્ય ગુરુદેવના સમાચાર


## આર્ષવાણી

**कीटिकासंचितं धान्यं,**

**मिक्षकासंचितं मधु ।**

**कृपणैः संचिता लक्ष्मी-**

**र्न्यैरेवोपभुज्यते ।।**

કીડીઓએ ભેગું કરેલું અનાજ, માખીઓએ ભેગું કરેલું મધ અને કૃપણ માણસોએ એકઠી કરેલી સંપત્તિ (લક્ષ્મી) બીજા જ ભોગવે છે. (પોતે ક્યારેય ભોગવતા નથી.)

ધૂળ હલકી છે, તેનાથી તણખલું, તેનાથી રૂ, તેનાથી પવન હલકો છે. તેનાથી યાચક અને યાચકથી પણ હલકો યાચકને ઠગનારો ગણાય છે.



## ★ જ્ઞાનવૈભવ (વિવિધગ્રંથોમાંથી સંકલિત) - ૧ ★★★

- સંકલન : શ્રીજ્ઞાનમિત્ર

**શ્રીવીરવિભુના ભક્ત રાજાઓ : -**

• રાજગૃહી નગરીના સ્વામી શ્રેણિક મહારાજા - (ભંભસાર) • ચંપાનગરીના સ્વામી શ્રેણિકપુત્ર કોણિક - અશોકચન્દ્ર • વૈશાલી નગરીના સ્વામી ચેટક મહારાજા (ચેડા રાજા) • કાશીદેશના નવ રાજા મલ્લિ જાતિના (મલ્લકી) • કોશલ દેશના નવ રાજા લચ્છિ જાતિના (લેચ્છવી) (નવ + નવ = ૧૮ શ્રેણિક મહારાજાના ગણરાજા હતા.) • વીતભય પત્તન નગરના સ્વામી ઉદાયીરાજા • કૌશાંબી નગરીના સ્વામી ઉદયન વત્સરાજા • ક્ષત્રિયકુંડનગરના સ્વામી નંદીવર્ધન રાજા (પ્રભુના ભાઈ) • ઉજ્જયિની નગરીના સ્વામી ચંડપ્રદ્યોતરાજા • હિમાલયની ઉત્તર તરફ પૃષ્ઠચંપા- ચંપાના (તિબેટ) શાલ - મહાશાલ બંને ભાઈઓ • પોતનપુરના સ્વામી પ્રસન્નચન્દ્રરાજા • ઋષભપુરના સ્વામી ધનાવહરાજા • વિજયપુરના સ્વામી વાસવદત્ત રાજા• કનકપુરના સ્વામી પ્રિયચન્દ્ર રાજા • સુઘોષ નગરના સ્વામી અર્જુન રાજા • સાકેત પુરના સ્વામી મિત્રનંદી રાજા • હસ્તિશિર્ષ નગરના સ્વામી અદીનશત્રુ રાજા • વીરપુરના સ્વામી વીરકૃષ્ણ મિત્ર રાજા • સોગંધિકના સ્વામી અપ્રતિહત રાજા • મહાપુરના સ્વામી બલરાજા • ચંપાનગરીના સ્વામી દત્તરાજા.

આ ઉપરાંત કેટલાક રાજા પણ પ્રભુના ભક્ત હતા.

**રાજા વગેરેને પ્રતિબોધ કરનારા મહાન મહાત્માઓ :**

• મૌર્યવંશી ચન્દ્રગુપ્તને પ્રતિબોધ કરનાર ભદ્રબાહુસ્વામી • સંપ્રતિ (સમ્રાટ પ્રિયદર્શી) રાજાને પ્રતિબોધ કરનાર આર્યસુહસ્તિ સૂ. મ. • વિક્રમ રાજાને પ્રતિબોધ કરનાર સિદ્ધસેન સૂરિ મહારાજ • આમરાજાને પ્રતિબોધ કરનાર બપ્પભટ્ટી સૂરિ મહારાજ • વનરાજ ચાવડાને પ્રતિબોધ કરનાર શીલગુણ સૂરિ મહારાજ • હસ્તિકુંડિ રાજાને પ્રતિબોધ કરનાર વાસુદેવાચાર્ય મહારાજ • સિદ્ધરાજ તથા કુમારપાળ રાજાના પ્રતિબોધક હેમચન્દ્રાચાર્ય મહારાજ • હજારો ક્ષત્રિયોને જૈન (ઓસવાલ) બનાવનાર રત્નપ્રભ સૂરિ મહારાજ • મેવાડમાં પોરવાડવંશની સ્થાપના કરનાર હરિભદ્ર સૂરિ મહારાજ • ૮૨ રજપુતનાં ગામ ને બે સોનીનાં ગામને જૈન બનાવનાર જિનસેન સૂ.મ. • આગ્રા નગરના રાજાના પુત્રોને તથા હજારો લોકોને જૈન બનાવનાર લોહાચાર્ય મ. • ગર્દભિલ્લનું ઉચ્છેદન કરનાર કાલક સૂરિ મ. • ૫૦૦ પ્રકરણ (ગ્રંથો)ના કર્તા ઉમાસ્વાતિજી મ. • ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા હરિભદ્ર સૂરિ

મ. • ઉપમિતિ ભવ પ્રપંચ કથાના રચયિતા સિદ્ધર્ષિ મહારાજ • તાર્કિક શિરોમણિ મલ્લવાદી સૂરિ મહારાજ • મહાન ચમત્કારી વિદ્યાઓને ધારણ કરનાર યશોભદ્ર સૂરિ મહારાજ • ૮૪ વાદોમાં વિજય મેળવનાર વાદિદેવસૂરિ મહારાજ • સાડાત્રણ કરોડ શ્લોકના રચયિતા હેમચન્દ્ર સૂરિ મહારાજ • અકબર બાદશાહને પ્રતિબોધ કરી છ મહિનાની અમારી પ્રવર્તાવનાર જગદ્‌ગુરુ હીરસૂરિ મહારાજ • અકબર બાદશાહ પાસેથી તીર્થના પરવાના મેળવનાર સિદ્ધિસૂરિ તથા ભાનુચન્દ્ર સૂરિ મહારાજ • પદ્માવતી દેવીથી વરદાન પામેલા, વચન પ્રમાણે કાર્યસિદ્ધિ કરનારા અને ફિરોજશાહ સુરત્રાણને બોધ કરનાર ૭૦૦ સ્તોત્રનાં રચયિતા જિનપ્રભ સૂ.મ. • બૌદ્ધરાજાને પ્રતિબોધ કરનાર વજ્રસ્વામી મ. • નવાંગી ટીકાકાર અભયદેવ સૂરિ મહારાજ • પેથડશા મંત્રીને પ્રતિબોધ કરનાર ધર્મઘોષસૂરિ મહારાજ • કપર્દીયક્ષને પ્રતિબોધ કરનાર ધર્મઘોષ સૂરિ મહારાજ • દરેક શ્લોકના ૧૦૦ - ૧૦૦ અર્થ કરનાર સોમપ્રભ સૂરિ મહારાજ વગેરે......

**શ્રીમહાવીર સ્વામી પૂર્વે તથા તેઓની હયાતિમાં જૈનધર્મ પાળનારા દેશો તથા નગરીઓ (રાજધાની)**

૧. મગધદેશ - રાજગૃહીનગરી ૨. અંગદેશ - ચંપાનગરી ૩. બંગદેશ - તામ્રલિપ્તી નગરી ૪. કલિંગદેશ - કાંચનપુર નગર ૫. કોશલદેશ - સાકેતપુર (અયોધ્યા) ૬. કુરુદેશ - હસ્તિનાપુરનગર ૭. કુશાવર્તદેશ - શૌરીપુરનગર ૮. પાંચાલદેશ - કંપિલપુર ૯. જંગલદેશ - અહિછત્રા નગરી ૧૦. સૌરાષ્ટ્ર દેશ - દ્વારિકાનગરી ૧૧. વિદેહદેશ - મિથિલાનગરી ૧૨. વત્સદેશ - કૌશાંબીનગરી ૧૩. શાંડિલ્યદેશ - નંદીપુરનગર ૧૪. મલયદેશ - ભદ્દીલપુરનગર ૧૫. મત્સદેશ - વૈરાટ નગર ૧૬. વરુણદેશ - અછાપુરી નગરી ૧૭. દશાર્ણ દેશ - મૃતિકાવતી નગરી ૧૮. ચેદીદેશ - શોક્તિકાવતી નગરી ૧૯. સિંધુસૌવીરદેશ - વીતભયપત્તન ૨૦. શૂરસેન દેશ - મથુરાનગરી ૨૧. કુણાલ દેશ - સાવત્થી નગરી ૨૨. લાટદેશ - કોડીવરસનગર ૨૩. અવંતી દેશ - ઉજ્જયિની નગરી

આ સિવાય મહારાષ્ટ્ર, કોંકણ, મારવાડ, મેદપાટ, નયપાલ વગેરે ઘણા દેશોમાં જૈન ધર્મનો મોટા પ્રમાણમાં પ્રચાર હતો.

**કઈ ભૂમિ કેટલે ઊંડે સુધી અચિત્ત હોય ?**

• વ્યાપાર રહિત ભૂમિ - બે આંગળ • રાજમાર્ગની ભૂમિ - પાંચ આંગળ • શેરીની ભૂમિ - ૭ આંગળ • ઘરની ભૂમિ - ૧૦ આંગળ • મળ- મૂત્રવાળી ભૂમિ - ૧૫ આંગળ • ગાય- ભેંસાદિને બાંધવાની ભૂમિ - ૨૧ આંગળ • ચૂલા- ભઠ્ઠા- નિભાડાની ભૂમિ - ૭૧ આંગળ સુધી અચિત્ત હોય છે.



**સ્થાપનાચાર્ય (અક્ષ- ચંદનક)ના આવર્ત સંબંધી ફળ :**

• એક આવર્તવાળા નિરંતર બળ આપનાર • બે આવર્તવાળા ક્લેશ કરાવનાર • ત્રણ આવર્તવાળા ખૂબ માન આપનાર • ચાર આવર્તવાળા શત્રુનો નાશ કરનાર • પાંચ આવર્તવાળા ભયને દૂર કરનાર • છ આવર્તવાળા મહારોગને આપનાર (રોગ લાવનાર) • ૭ આવર્તવાળા સર્વ રોગનો નાશ કરનાર

(આ ૭ આવર્તવાળા સ્થાપનાજીને સંધ્યા સમયે દૂધમાં રાખવા. સવારે દૂધનો રંગ જોવો. દૂધના વર્ણ મુજબ રોગોને દૂર કરે છે.)

• લાલ રંગ થાય તો રક્ત રોગ (લોહીના રોગોને) હણે • કાળો રંગ થાય તો ઝેરને દૂર કરે. • પીળો રંગ થાય તો આમ વાતને શમાવે. • દૂધ ફાટી જાય તો શૂલની પીડાનો નાશ કરે. • દૂધ કોહવાય જાય તો જ્વર (તાવ) ને દૂર કરે. •દહીં થઈ જાય તો અતિસાર (ઝાડા) ને હણે. • લીલો રંગ થાય તો પિત્તજન્ય રોગોને દૂર કરે. • અલક્ત (અળતા) જેવા વર્ણવાળું થાય તો રાજા (આચાર્યાદિ પદવાળા) થાય.

**જીવની યોનિઓ પ્રમાણે વહેંચણી**

• ૫૮ લાખ યોનિ બહેરાની (કાન વગરના) જીવોની • ૫૬ લાખ યોનિ આંધળાની (આંખવગરના) જીવોની • ૫૪ લાખ યોનિ નાક વગરના જીવોની • ૫૨ લાખ યોનિ મૂંગાની (જીભવગરના) જીવોની (એકેન્દ્રિયની) • ૩૨ લાખ યોનિ બોલનારા (જીભવાળા) જીવોની • ૩૦ લાખ યોનિ નાકવાળા જીવોની • ૨૮ લાખ યોનિ જોઈ શકનારા જીવોની • ૨૬ લાખ યોનિ સાંભળનારા (કાનવાળા) જીવોની હોય છે. (એટલે કે પાંચે ઈન્દ્રિયવાળા જીવોની)

## ★ આ અંકની લઘુ કથા ★★★

-શ્રીકથામિત્ર

**સ્વાર્થી પત્ની - સુરૂપા :**

વિશ્વમાં ઘણા દેશો છે. એક - એક દેશમાં ઘણાં રાજ્યો હોય છે. એક - એક રાજ્યમાં ઘણાં ગામો - નગરો હોય છે. આવાં ગામ - નગરોમાં કાંઈ ને કાંઈ એવી ઘટનાઓ બનતી જ હોય છે કે જેમાંથી ભિન્ન- ભિન્ન બોધ મળતો જ રહે છે. માત્ર બોધ લેવા માટે તેવા પ્રકારની દૃષ્ટિ હોવી જરૂરી છે. જગતમાં બનતી દરેક ઘટનાઓ બોધપ્રદ જ હોય છે. કાશ ! તમામ પ્રસંગો વૈરાગ્ય જગાડનારા હોય છે !

જગતમાં બનતી સામાન્ય ઘટનાઓ પણ રાગાદિના ભાવોને નષ્ટ કરી વૈરાગ્યને ઉજાગર કરતી હોય તો... શાસ્ત્ર - સ્વાધ્યાયથી યુક્ત જીવો વૈરાગ્યવાસિત

બને એમાં નવાઈ નથી. કારણ, જગતને જોવાની - મૂલવવાની સાચી દૃષ્ટિ શાસ્ત્રો જ આપે છે. જેને ચામડાની આંખો નથી જોઈ શકતી તેને જોવાની પારદર્શક દૃષ્ટિ શાસ્ત્ર પ્રદાન કરે છે... માટે જ જ્ઞાની ભગવંતો ક્ષણે- ક્ષણે સ્વાધ્યાય (પાંચે પ્રકારના) માં ડુબ્યા રહેવાની વાત કરે છે. ત્યારે જ શાસ્ત્રની આ વાત ઠેક- ઠેકાણે વાંચવા મળે છે : **'सज्झाए वट्टंतो खणे खणे जाइ वेरग्गं'** (સ્વાધ્યાય કરનાર વ્યક્તિને ક્ષણે ક્ષણે વૈરાગ્ય પ્રગટે છે.)

અહીં આપણે સ્વાર્થના યોગે વૈરાગ્યવાસિત થયેલા રંગશેઠની વાર્તા જોઈશું. કપટની પેટી ગણાતી સ્ત્રી કેવા સ્વાર્થમાં રમતી હોય છે તે પણ આ કથામાં જાણવા- જોવા મળશે. જગત હૈ સ્વાર્થ કા સાથી, સમઝલે કૌન હૈ અપના ? - આ સજ્ઝાય માં પણ જગતના જીવોમાં રહેલા સ્વાર્થને ઉઘાડો પાડ્યો છે. જગતના મોટા ભાગના સંબંધોમાં સ્વાર્થનો પડછાયો જોવા મળે છે.

શાસ્ત્રમાં આવતા શ્લોક સાથે સ્વાર્થના રંગે રંગાયેલી, રંગશેઠની સુરૂપા નામની સ્ત્રીના અધમકૃત્યનો વિચાર કરીએ.

**न स्वार्थलुब्धा प्रियमाचरन्ति, प्रियेऽप्यकृत्यं च विचिन्तयन्ति ।**

**रंगायभर्तुर्मृतदम्भिनः स्त्री - र्यत्स्वर्णदन्तग्रहणोत्सुकाभूत् ।।**

**ભાવાર્થ :** સ્વાર્થી જીવો સારું આચરણ કરતા નથી. પોતાના પ્રિયપાત્ર માટે પણ અકાર્ય કરવાનો વિચાર કરે છે. જેમ દાંભિક રીતે મરેલા પતિના દાંત પર મઢેલું સોનું કાઢવા તે રંગ શેઠની સ્વાર્થી પત્ની તત્પર થઈ !

રત્નપુર નગરમાં રંગ નામના શેઠ રહે છે. આ શેઠને રૂપવતી એવી યથાર્થ નામવાળી સુરૂપા પત્ની હતી. રૂપ- ગુણનો સુમેળ ઘણી જૂજ સ્ત્રીઓમાં જ જોવા મળતો હોય છે. આ સુરૂપાના કેટલાક અવગુણો રૂપની પાછળ ઢંકાઈ જતા હતા. પાપાનુબંધી પુણ્યના ઉદયે દોષો દબાઈ જતા હોય તેવી અનુભૂતિ થાય છે. તેના નજીકમાં રહેતા જીવો પણ એ દોષો- દુર્ગુણોને ઓળખી શકતા મથી. પુણ્યનો ઉદયકાળ પૂરો થાય ને પાપનો ઉદય ચાલુ થાય ત્યારે જ એ દુર્ગુણો પરનું આવરણ હટે છે ને દંભવૃત્તિ ખુલ્લી પડે છે. ખરાબ કે ભેળ- સેળવાળા પદાર્થને સારા રૂપ- રંગવાળા બોક્સમાં પેક કરવામાં આવે તો ઘણા ઠગાય છે ને ? તે જ રીતે કેટલાકને મળેલું રૂપ- ધન વગેરે તેની જ દુર્ગતિ માટે અને હલકી ગતિ- યોનિમાં ભ્રમણ માટે થાય છે.

આ સુરૂપા માયા- કપટની પેટી હતી. દંભના મંદિર સમાન હતી. પોતે પતિને ખૂબ ચાહે છે...પતિવ્રતા છે. પતિનાં સુખે સુખી અને પતિનાં દુઃખે દુઃખી



હોવાનો ડોળ કરતી. સ્ત્રીના હૃદયની ગૂઢતાને ઓળખવામાં ભલ- ભલા પંડિતો- બુદ્ધિજીવીઓ પણ નાપાસ થયા છે. સામાન્ય માનવીનો તો ત્યાં ક્લાસ જ નહીં. આ દંભ- કપટના રંગોમાં રંગશેઠ પણ અંજાઈ ગયા હતા !

એક વાર રંગ શેઠ પત્નીની પરીક્ષા કરવાની ભાવનાવાળા થયા. તે માટેની ભૂમિકા કરતાં શેઠે સુરૂપા શેઠાણીને કહ્યું : હે પ્રિયે ! આપણે કેટલાંય વર્ષો સુધી પાંચે ઈન્દ્રિયોનાં વિષય- સેવનથી ઘણું પાપ કર્યું છે. હવે આપણાં ભાવિને સુધારવા માટે, દુર્ગતિ અને દુઃખોથી બચવા માટે... તું કહે તો કાંઈક દાન-શીલ-તપ- ભાવધર્મનું આરાધન કરીએ. મલિન આત્માને ધર્મના અમૃતથી પખાળીએ. પાપી આત્માને પાવન બનાવીએ. મોતને સુધારીએ. મોત સુધરશે તો જ આગામી જન્મ સારો મળશે.

પોતાના પતિનાં વચનો સાંભળ્યા બાદ દાંભિક પત્નીએ 'પતિવ્રતા' નો દેખાવ કરવા માટે જવાબમાં કહ્યું કે - હે પ્રિયતમ ! જે માર્ગ આપનો, એ જ માર્ગ મારો... આપ ધર્મ કરશો તો હું પણ તે જ કરીશ. આપના પગલે હું ચાલીશ...

કાનને, દિલને ખુશ કરી દેતાં પત્નીનાં વચનો સાંભળીને તો એમ લાગ્યું કે- ખરેખર ! આ સુરૂપા માત્ર પ્રિયા જ નહીં સાચા અર્થમાં પ્રિયતમા અને અર્ધાંગિની છે. ગૂઢ હૃદયના ભાવોને કોણ પારખી શકે ? સંસ્કૃતનું સુભાષિત એ જ કહે છે : 'સ્ત્રીણાં ચરિત્રં, પુરુષસ્ય ભાગ્યં...બ્રહ્માડપિ ન જાનાતિ કુતો મનુષ્ય : ?' (સ્ત્રીઓનાં ચરિત્રને અને પુરુષના ભાગ્યને બ્રહ્મા પણ સમજી શકતા નથી, તો મનુષ્યનું ગજું ક્યાંથી ? માનવનો પનો તો ઘણો ટૂંકો પડે !

કેટલાક દિવસો ગયા... એક દી રંગ શેઠે સુરૂપાને કહ્યું : આગામી ચૌદસે હું ઉપવાસ કરીશ. કૃત્રિમ સ્નેહવાળી- દાંભિક દિલવાળી તે સ્ત્રીએ વળતો જવાબ આપ્યો : સ્વામિન્ ! તે દિવસે મારે પણ ઉપવાસ થશે... પણ તે દિવસે બાળકને સ્તનપાન (દૂધ) નહીં મળે તો તે માલતીના ફૂલની જેમ કરમાઈ જશે. તે મૂર્ચ્છિત પણ થઈ જશે... તે દોષ- પાપ તમારા માથે, એ પાપ મારું નહીં ગણાય.... આ વાત સાંભળ્યા બાદ આજે તો શેઠ કસોટી કરવા તૈયાર થઈ ગયા. તેની વાત દિલની છે કે દંભની ? તેની વાતમાં તથ્ય કેટલું ? આની ખાતરી કરવા માટે દાંભિક રીતે - માત્ર દેખાડો કરીને સુરૂપાના ગૂઢ- હૃદયને જાણવાની બુદ્ધિથી મૂર્ચ્છા ખાઈને ઘરમાં પડ્યા. પોતાના પતિને શ્વાસ વગરના જોઈને સુરૂપાએ વિચાર કર્યો... લોકો જાણશે કે રંગશ્રેષ્ઠી મૃત્યુ પામ્યા છે... તો મારે ખાવા- પીવાનું બંધ થશે. ભૂખ્યા રહેવું પડશે.

સ્વાર્થી માણસ પોતાની જાતનો જ વિચાર કરે છે. જીવતો પતિ મને સુખ આપતો' તો...હવે મર્યા પછી મને ક્યાં સુખ આપી શકવાનો છે ? એનું જીવન પૂરું થયું - મારું ક્યાં પૂરું થયું છે ?

ગઈકાલનો કરંબો બનાવેલો છે... તે ખાઈ લઉં... આમ વિચારી કરંબાની સાથે ખાવા માટે શાક બનાવ્યું... તેણીની દૃષ્ટિએ તો મરેલા પતિની સામે જ મિજબાની ઉડાવવા માંડી... પતિની આંખો ભલે બંધ છે, કાન તો ખુલ્લા છે. પેટ ભરીને જમી લીધું... સાચો પ્રેમ હોય તો પતિ માંદા પડે તોય ચેન ન પડે... ખાવા પીવાનું ગળે ન ઊતરે... આ તો મોતને ભેટ્યા છે તોય મજેથી- સ્વાદિષ્ટ- મિષ્ટ ભોજન કર્યું !

ત્યારબાદ ધીમે ધીમે પતિનું શરીર તપાસવા લાગી ! એમ કરતાં મોઢા પર નજર ગઈ. દાંત પર મઢેલું સોનું જોયું... આ સોનું કેમ જવા દેવાય ? આવા વિચારે તે દાંત પાડવા માટે પત્થર હાથમાં લે છે. (આજેય લોકો શરીરે પહેરેલા દાગીના ઉતારી લે છે. વીંટી ન નીકળે તો સોનીને બોલાવી કપાવીને કાઢી લે છે!)

ઝીણી આંખે શેઠ જોઈ રહ્યા છે. દાંત પાડવા માટે પત્થર મારે તે પૂર્વે જ પોતે જીવિત છે ને તારી નિષ્ઠુરતા, સ્વાર્થાંધતા, દાંભિકતા - કપટને હું સારી રીતે જાણી ગયો છું- એ વાત પત્નીને જણાવતાં રંગ શેઠ ઊઠીને બોલ્યા :

**शालीकुर ने सथरो दहीं, कयर करमदां ने बीली सही ।**
**पतिव्रता में जाणी सही, पत्थर लईने दांत म पाडी ।।**

ભાવાર્થ : શાલીકૂર, કરંબો, દહીં, કચુંબર, કરમદાં અને બીલી વગેરે તથા શાક - ચટણી ખાવાથી મેં જાણી લીધું કે - તું કેવી પતિવ્રતા છે ! તેથી હવે પત્થર લઈને મારા દાંત ન પાડીશ.

સુરૂપાની મેલી મુરાદ, મેલું કાળજુ, સ્વાર્થીપણું, માયા વગેરે બધું જ ઉઘાડું પડી ગયું ! તેથી ઝંખવાણી પડી ગઈ ! મોઢું છુપાવવા તેણી ઘરના ઓરડામાં ચાલી ગઈ. મોંઢું બતાવવા લાયક ન રહી. માનવની પાપવૃત્તિ વહેલી- મોડી ઉઘાડી થયા વગર રહેતી નથી. પાપપ્રવૃત્તિ ત્યારે જ થાય છે, જ્યારે પાપવૃત્તિ માથું ઊંચકે છે. માટે જ શાસ્ત્રકારોનું કથન છે કે ઊગતી એવી પાપવૃત્તિને જ ડામી દો, તો પાપથી ચોક્કસ બચી જશો. **પાપપ્રવૃત્તિમાં ક્યારેક મજબૂરી હોઈ શકે છે, પાપવૃત્તિમાં નહીં...!** પોતાની ઈચ્છા વગર પાપવૃત્તિ જાગતી કે આગળ વધી શકતી નથી. પાપપ્રવૃત્તિ તો અનિચ્છાએ પણ થઈ શકે છે, કરવી પડે છે. [૫]



## ★ હજારો વર્ષના ભવિષ્યનાં એંધાણ આજે ? ★★★

(ગુજરાત સમાચારની અમદાવાદ આવૃત્તિના તા. ૩૦.૧૦.૨૦૨૩ ના અંકમાં છપાયેલી ક્યૂબાની વાત વાંચતાં કંઈ - કેટલાય વિચારો મગજ પર સવાર થઈ ગયા. તેમાંની કેટલીક વાતો અહીં રજૂ કરી છે.

• ભગવાને છઠ્ઠા આરાનું ભાવિ જે ભાખ્યું છે તેની ઝાંખી અત્યારથી ? હજી તો પાંચમો આરો ૧૮૦૦૦ થી વધારે વર્ષ બાકી છે. ત્યારબાદ છઠ્ઠો આરો લગાવાનો છે. તેમાં અનાજનો દાણોય મળવાનો નથી. તેથી જૂજ બચેલા માનવો માછલાંનો જ માત્ર આહાર કરશે. વગેરે વાતો ભગવતીસૂત્ર, દિવાળી કલ્પ વગેરે અનેક ગ્રંથોમાં જોવા મળે છે.

• અન્નની અછત પાંચમા આરામાં જ હાલ વર્તાતી હોય તો જેને હજી માત્ર ૨૫૫૦ વર્ષ માંડ વીત્યાં છે. તેવા પાંચમા આરાનું ભવિષ્ય કેવું વિચિત્ર હશે ?

• અન્નાહારના અન્ય વિકલ્પો ન શોધતાં નિર્દય માનવ જાત તિર્યંચગતિના પાંચે ઈન્દ્રિયથી પરિપૂર્ણ એવાં માછલાનાં ખોરાકના પાપવિચારો તરફ વળી ગયા. હિંસા, નિર્દયતા, ક્રૂરતા વગેરે સાથે; તમામ જીવો મારા સમાન છે, દરેક જીવને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે... વગેરે મૌલિક વિચારોનો અભાવ (અજ્ઞાનતા) સ્પષ્ટ દેખાઈ આવે છે.

• એક જગ્યાએ આવી શરૂઆત થઈ આનું અનુકરણ કરવામાં કોણ અટકશે. કેટલા જીવોને યમધામ પહોંચાડશે ? અલબત્ત, દરેક જીવોને પોતાનું જીવન વહાલું હોય છે. કોઈને તેને મારવાનો અધિકાર મળતો નથી. પોતાના પેટની ભૂખ સંતોષવા કેવા અધમ રસ્તે જાય છે ? વળી, એવું પણ બને કે જો આ માછલીઓનો સ્વાદ જીભે વળગી જાય તો લોકો અન્ન મળવા છતાં તેને જ ખોરાક તરીકે વધુ પસંદ કરશે. પરિણામે માંસાહારનું પ્રમાણ વધશે. માંસાહાર તામસી ખોરાક હોવાથી ક્રોધ - ક્રૂરતા વગેરે સ્વભાવગત બની જશે !

• આજે આ વાત નાની કે સામાન્ય લાગે છે. ૨૪ ટન માછલાં પકડવામાં આવ્યાં, એવી વાત છે... પછી તો માંગ વધવાના યોગે સેંકડો - હજારો ટન પકડવાની અને પકવવાની ફરજ પડશે.

• માંસાહારમાં પાપ છે, તેવી વાત જ મગજમાંથી ભૂંસાઈ જશે. માંસાહારની સાથે માંસમાં ઉત્પન્ન થનારા અસંખ્યાના જીવોની પણ હિંસાનું પાપ પણ થયા વગર રહેતું નથી, એમ શ્રીહેમચન્દ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં જણાવ્યું છે.

• 'આત્મવત્સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પશ્યતિ' (જે પોતાના આત્મા જેવા જ તમામ જીવોને જુએ છે, તે ખરેખર જોનારો છે. તેની જ દૃષ્ટિ સાચી છે.) આ મહત્ત્વનું

સૂત્ર ભૂલાઈ જશે. માત્ર શાસ્ત્રોમાં જ રહેશે. લોકમાનસમાંથી અને જીવનમાંથી નામશેષ થઈ જશે.

• કરુણાસાગર શ્રીતીર્થંકર - ગણધરભગવંતોની આજ્ઞાનો ભંગ થશે, જે મહાભવભ્રમણનું કારણ છે.

• અંતે, આજ્ઞાભંગ - અનવસ્થા - મિથ્યાત્વ જેવા મહાદોષો લાગશે.

• માંસાહાર કરવાથી હૃદય નિષ્ઠુર - પત્થર જેવું બની જાય છે. દયા - કરુણા - જીવો પ્રત્યેની કુણી લાગણી જેવા ભાવો હૃદયમાંથી વિદાય લેશે.

• માંસાહારમાં તો કંદમૂળ કરતાંય ઘણું ઘણું વધારે મોટું પાપ છે. માંસાહાર કરનારને કંદમૂળની તો સૂગ જ નહીં રહે !!

• હિંસા વગેરે પાપો એકવાર કરવાથી પણ તેનાં માઠાં ફળો ઓછામાં ઓછાં દશગણાં ભોગવવાં પડે છે; એમ ભગવતી સૂત્રમાં જણાવ્યું છે.

• માંસાહાર કરનારને નરક અને તિર્યંચગતિનાં ઘોર દુઃખો સંખ્ય - અસંખ્ય કાળ ભોગવવા પડે છે, એમ પ્રશ્નવ્યાકરણ નામના આગમમાં જણાવ્યું છે.

• પંચેન્દ્રિયની હિંસા સીધા નરકના આયુષ્ય બંધનું કારણ છે, એવું ભગવતીસૂત્ર, કર્મગ્રંથ- યોગશાસ્ત્ર- વિપાકસૂત્ર વગેરે અનેક ગ્રંથોમાં ફરમાવ્યું છે. નરકની યાતનાથી તો કોઈ અજાણ નહીં જ હોય ! વાંચો, હવે એ ન્યુઝ પેપરનું લખાણ - **ભવ્યદર્શનસૂરિ**

• **ક્યૂબામાં અન્નની અછત સામે માછલીનું ઉત્પાદન :** ક્યૂબામાં અન્નની અછત સર્જાઈ હતી. જોકે ક્યૂબાના લોકોએ ફિશ ફાર્મીંગનો નવતર આઈડ્યા કરીને ફૂડ શોર્ટેજનો સમાનો કર્યો હતો. ત્યાંના લોકોએ ટીલાપીયા માછલીનો જથ્થાબંધ ઉછેર કરવાની ઇનોવેટીવ ટેકનીક અપનાવીને ૨૪ ટન ટીલાપીયા માછલીનું ઉત્પાદન કર્યું હતું. ક્યૂબાના ૧૧ મિલિયન લોકોની અન્નની અછત દૂર કરવાનો પ્રયાસ સફળ થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દાયકાથી ક્યૂબામાં મંદી છે અને ફૂડ, મેડિસીન, પેટ્રોલ-ડિઝલ વગેરેની અછતનો સામનો કરી રહ્યું છે. ૫

## ★ આત્મવિજ્ઞાન - ૨ ★★★

**-પંડિત ખૂબચંદ કેશવલાલ**

### આત્માનું અસ્તિત્વ

### આત્માને સમજવાની આવશ્યકતાઃ-

શાશ્વત સુખના ઈચ્છુક મનુષ્યે, ધર્મને સમજતાં પહેલાં આત્માને ઓળખવાની-સમજવાની જરૂર છે. કહ્યું છે કે-"જ્યાં લગી આત્મતત્ત્વ જાણ્યું નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી" કારણ કે આત્મસ્વરૂપ સમજાશે તો પરભવ સમજાશે.



પરભવ સમજાશે તો કર્મસ્વરૂપ સમજાશે અને કર્મસ્વરૂપ સમજાશે તો ધર્મ સમજાશે.

### આત્મસ્વરૂપની અજ્ઞાનતાઃ-

કેટલાક લોકોની માન્યતામાં તો આત્મા જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ છે જ નહિ. જગતમાં મૂળ તત્ત્વો તરીકે તેઓ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશઃ એ પાંચ ભૂતો જ માને છે. તેઓની માન્યતા એવી છે કે આ પંચ-ભૂતોથી ઉપરાંત એકપણ એકાન્ત સત્‌પદાર્થ આ જગતમાં છે જ નહિ. માટે જગતના બધા પદાર્થો એ પંચભૂતના સંમિશ્રણાદિથી જ ઉત્પન્ન થાય છે. જેમ મદિરામાંથી મદશક્તિ પ્રગટે છે, તેમ પંચભૂતોના સમૂહમાંથી પ્રાણીઓમાં પ્રાણ યા ચૈતન્ય શક્તિ પ્રગટ થાય છે. મનુષ્યાદિ જીવો ચેતન છે, એ વાતની તેઓ, ના પાડી શકતા નથી. પરંતુ ચૈતન્ય છે, માટે આત્મા જેવું કંઈક હોવું જોઈએ, અને આત્માને એક સત્‌-શાશ્વત પદાર્થ તરીકે સ્વીકારવો જોઈએ, એ વાત તેમના ગળે ઊતરતી નથી. તેઓ કહે છે કે ધાન્ય અને ગોળ જેવી વસ્તુઓ સડતી દારૂના રૂપમાં પરિણામ પામે છે, તેમ મસ્તકમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. માટે જડપદાર્થથી જુદો એવો આત્મા નામનો સ્વતંત્ર પદાર્થ હોવાનું માનવું તે જરૂરી નથી.

### અજ્ઞાનતાનું સ્પષ્ટીકરણઃ-

આ બધાની સામે જવાબ આપવા માંગીએ તો એમ કહી શકીએ કે, ચૈતન્ય એ જો પંચભૂતના બનેલા જડ શરીરમાંથી જ પરિણમતું હોય, એટલે કે ચૈતન્યનું ઉત્પાદન કારણ જો જડ શરીર જ હોય, તો પ્રાણી, મરી ગયા પછી એ ચૈતન્ય કેમ જણાતું નથી? મૃત્યુ પછી શરીર તો જેમનું તેમજ રહી જાય છે. એનો કોઈ અંશ ઓછો થઈ જતો નથી.

વળી, શરીર એ જ જો ચૈતન્યનું ઉત્પાદન કારણ હોય તો શરીરમાં જ્યારે વિકાર થાય છે, ત્યારે ચૈતન્યમાં પણ એવો જ વિકાર થવો જોઈએ; પણ અનુભવમાં એવું કંઈ જણાતું નથી. વળી આનંદ, શોક, મૂર્ચ્છા, નિદ્રા, ભય જેવા વિકારો ચૈતન્યમાં થાય છે, ત્યારે તેને અનુરૂપ વિકારો શરીરમાં પણ દેખાવા જોઈએ. પરંતુ એવું કંઈ દેખાતું નથી.

વળી, એક બીજો પણ વાંધો એ નડશે કે પ્રાણી જેમ જાડું તેમ તેની બુદ્ધિ પણ વધારે રહેતી હોવી જોઈએ. પરંતુ મોટે ભાગે તો એથી ઊલટું જ જોવામાં આવે છે. ચૈતન્યના ઉપાદાન કારણરૂપ જો શરીર હોય તો એમ બને જ કેમ? ન્હાના અને પાતળા શરીરવાળા પ્રાણીઓ બહુ બુદ્ધિશાળી હોય એવું પણ બને છે. વળી, ચક્ષુથી જોનારો, નાસિકાથી સુંઘનારો, કાનથી સાંભળનારો, જીભથી ચાખનારો અને ચામડીથી સ્પર્શ કરનારો કહે છે કે હું ચક્ષુથી દેખું છું, હું નાસિકાથી સૂંઘુ છું, હું

કાનથી સાંભળુ છું. હું જીભથી ચાખું છું, હું ચામડીથી સ્પર્શ જાણું છું.

શરીર ઉપર કોઈ અંગારો ચાંપે ત્યારે "હું" બળું છું, એમ બોલાય છે. આમ બળવાની વેદનાને સમજે છે. "હું છું" એમ સૌ બોલે છે. એ "હું" તે કોણ? "હું" કોઈક ખરું કે નહિ ? એટલે કે "હું છું" એવું જ્ઞાન હંમેશા રહ્યા કરે છે.

આ જ્ઞાન શરીરમાંથી ઉત્પન્ન થતું હોત તો "મારું શરીર" એવો પ્રયોગ કઈ રીતે સંભવે? માટે "હું" જેને કહીએ છીએ, તે શરીરથી ભિન્ન એવા આત્માની સિદ્ધિ સ્પષ્ટ થાય છે.

**શરીર અને ઈંદ્રિયોથી આત્માનું ભિન્ન અસ્તિત્વ-**

આપણે શરીરને તો પ્રત્યક્ષ જોઈએ છીએ. એ શરીરમાં ચેતના છે. એ ચેતના તે બીજું કંઈ નથી, પરંતુ તે જ આત્મા છે. ચક્ષુ વડે દેખાતું અને રસ-રક્તાદિ ધાતુઓથી ભરેલું જે શરીર, એ જ કંઈ આત્મા નથી. પરંતુ શરીર એ તો એક એન્જીન રૂપ છે. શરીરરૂપી એન્જીનને ડ્રાઈવર જેમ ચલાવે તેમ ચાલે છે. ડ્રાઈવર જો શરીરરૂપી એન્જીનનો હાથ ઊંચો કરાવવા માંગે તો એ ઊંચો થાય છે. એ હાથ કે પગને ડ્રાઈવર જો સીધો, આડો,વાંકો, ઊંચો, નીચો, ગમે તેમ કરાવવા ઈચ્છે તો તે રીતની ક્રિયા તે હાથવડે થાય છે. શરીરમાં સ્વયં એવી કોઈ શક્તિ નથી કે જેથી તે પોતાની મેળે જ લાંબુ-ટૂંકું થાય. મરણ પછીના શરીરની શક્તિ એ તેના પ્રત્યક્ષ પૂરાવારૂપ છે. શબરૂપે બની રહેલું શરીર ચાલતું નથી. એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જીવના શરીરમાં શરીર-યંત્રનો સંચાલક તે આત્મારૂપ ડ્રાઈવર જ છે. જે રીતની હલન-ચલન આદિ ક્રિયાઓ સચેતન શરીરમાં પ્રત્યક્ષ જોવાય છે. તેવી ક્રિયાઓનો શબમાં તો બિલકુલ અભાવ જ દેખાય છે.

આનું કારણ સ્પષ્ટ રીતે એ જ સમજાય છે કે, શરીરરૂપી સાધનદ્વારા ક્રિયા કરનારો શરીરમાંથી ચાલ્યો ગયા પછી નિર્જીવ જડ શરીરમાં ઉપરોક્ત કોઈ પણ પ્રકારની ક્રિયા સંભવી શકતી નથી. આથી અવશ્ય માલુમ પડે છે કે, આ શરીરરૂપી એન્જીનમાં તેનું સંચાલન કરનાર કોઈ અવશ્ય છે. અને એવી જે ચીજ છે, તેનું નામ જ આત્મા છે. એ આત્મા તે અરૂપી હોવાથી ચર્મ ચક્ષુ વડે દષ્ટિગોચર થઈ શકતો નથી.

**पाषाणेषु यथा हेम, दुग्घमध्ये यथा घृतम् ।**

**तिलमध्ये यथा तैलं, देहमध्ये तथा जीवः ।।**

**ભાવાર્થ** - જેમ પથ્થરને વિષે સુવર્ણ, દૂધને વિષે ઘી, અને તલમાં તેલ; સત્તાગત રહેલાં છે, તેવી જ રીતે આ શરીરને વિષે જીવ રહેલો છે.



**काष्टमध्ये यथा वह्नि, शक्तिरूपेण तिष्ठति ।**

**अयमात्मा शरीरेषु, यो जानाति स पंडितः ।।**

**ભાવાર્થ** - જેમ કાષ્ટને વિષે અગ્નિ, તે શક્તિ રૂપે રહેલો છે, તેમ આ આત્મા શરીરને વિષે રહેલો છે, જે જાણે છે, તે જ ખરો પંડિત છે.

**નાસ્તિકોના દુરાગ્રહની નિષ્ફલતા-**

આ રીતે આત્મઅસ્તિત્વનો ખ્યાલ થઈ શકતો હોવા છતાં પણ જેઓ ખરેખર શંકાશીલ છે, તેમને તો એટલાથીયે સંતોષ થતો નથી. આ શંકાશીલો તો કહે છે કે, જે વસ્તુ, વસ્તુરૂપે છે, તે અરૂપી હોઈ શકે જ નહિ; અને જે અરૂપી હોય તે વસ્તુ હોતી જ નથી. અર્થાત્ અરૂપી આત્મા જેવા પદાર્થનું હોવાપણું છે જ નહિ; કારણ કે જે વસ્તુ દૃષ્ટિગોચર ન થાય, તેનું અસ્તિત્વ કઈ રીતે માની શકાય?

આના પ્રત્યુત્તરમાં કહેવાનું કે શરીરે સ્પર્શતો શીત કે ઉષ્ણવાયુ દૃષ્ટિગોચર નહિ થતો હોવા છતાં પણ તેનું અસ્તિત્વ આપણે માન્ય રાખીએ છીએ. વળી, ચૂલા ઉપર ઊકળતા પાણીની વરાળ અમુક ઊંચાઈએ ગયા બાદ વાયુ સાથે ભળી જાય છે, ત્યારે દેખી શકાતી નથી, તો પણ તે વખતે વરાળ નથી, એમ કહીને વરાળના અસ્તિત્વનો અસ્વીકાર કરી શકાતો નથી. વસ્તુનું કદાચ રૂપાંતર થાય પણ મૂળ દ્રવ્યનો કદાપિ નાશ તો થતો નથી.

આપણી પ્રાચીન આર્યવિદ્યા પ્રમાણે એક વાત માન્ય રાખવી પડે છે કે, આ જગતમાં જે કાંઈ છે, તેનો નાશ નથી જ. તે જ રીતે વરાળનો પણ કોઈ રીતે નાશ થતો જ નથી. એટલે વરાળ છે, એમ તો વરાળની અદ્રશ્યતા દરમિયાન પણ માન્ય રાખવું જ પડે છે. હવે સાધારણ બુદ્ધિથી વિચાર કરીએ તો કહેવું જ પડશે કે વરાળ જેવો પદાર્થ કે જે પૌદ્ગલિક છે, જેના પરમાણુઓ છે, જે દ્રશ્યમાન છે, જે સ્થૂલ છે, એવો પદાર્થ પણ હોવા છતાં તે દેખી શકાતો નથી એવું બને છે.તો પછી આત્મા જેવો અમૂર્ત્ત પદાર્થ પણ હોવા છતાં દેખી ન શકાય તેમાં શું આશ્ચર્ય?

જેઓ શ્રદ્ધાળુ છે, તેઓ તો આ દ્રષ્ટાંત ઉપરથી આત્મા છે, એવું માન્ય રાખવામાં વાંધો લેશે નહિ. પરંતુ અર્ધદગ્ધ છે, તેઓ હજુ પણ આત્માને માન્ય રાખવામાં આનાકાની જ કરશે. અને જેથી તેઓ એવી દલીલ કરે કે વરાળ તે સ્થૂલ પદાર્થ હોવાથી તેનું હોવાપણું તો તેની ગેરહાજરીમાં પણ માની શકાય છે. પરંતુ આત્મા તો અરૂપી ચીજ છે, તો પછી રૂપી ચીજનું ઉદાહરણ અરૂપી ચીજને કેવી રીતે લાગુ પડી શકે? અરૂપી ચીજ જો દ્રશ્યમાન હોય તો જ તેના અસ્તિત્વની સાબિતી થાય.

શંકાવાદીઓની આવી દલીલ ખરેખર વિચિત્ર પ્રકારની ગણાય. આંધળો એમ કહે કે-હું તો સૂર્યને જો નજરે જોઈ શકીશ તો જ એમ માની શકું કે સૂર્ય છે. નહિતર સૂર્યના અસ્તિત્વને હું માનવાનો નથી. તો એવા જડભરતને આપણે કેવી રીતે સંતોષી શકવાના હતા? આંધળો માણસ સ્થૂલ વસ્તુને દેખી નથી શકતો એટલે તે સ્થૂલ વસ્તુના સ્વરૂપને જોવાને લાયક નથી. છતાં પણ બીજી રીતે તેને વસ્તુનું જ્ઞાન કરાવી શકાય.

આંધળાને સોનું અને ચાંદી બન્નેના ટુકડા હાથમાં આપીએ અને પછી તેનું માપ અને વજન તેને કહી બતાવીએ તો તે ઉપરથી અમુક પદાર્થ સોનું છે, અમુક પદાર્થ રૂપું છે, એમ તે જાણી શકે.

એક હાથમાં ફૂલ હોય અને બીજા હાથમાં ઘાસલેટ હોય તો તે સુંઘવાથી તેને પરખાવી શકીએ કે આ ફૂલ છે, અને આ ઘાસલેટ છે. પાણી ઠંડુ અને ગરમ હોય તો સ્પર્શ દ્વારા તેને સમજાવી શકીએ કે, આ ઠંડુ પાણી છે, અને ગરમ પાણી છે. અર્થાત્ આંધળાને આપણે સ્પર્શાદિદ્વારા જગતની સ્થૂલ વસ્તુઓનું જ્ઞાન આપી શકીએ છીએ. પરંતુ તેના સ્વરૂપને આપણે દેખાડી શકતા નથી. આનો અર્થ એ થાય છે કે આંધળો માણસ પદાર્થના સ્વરૂપને દેખવાને લાયક નથી. જો કોઈ વ્યક્તિ એમ કહે કે હું નજરે જોઈ શકું તો આત્માને માની શકું તો તેનો જવાબ એ છે કે જેમ આંધળો માણસ સ્પર્શાદિને માટે લાયક છે, પરંતુ સ્વરૂપને દેખવા માટે લાયક નથી. તે પ્રમાણે આ જગતના મનુષ્યો પણ પૌદ્‌ગલિક વસ્તુઓને જ જાણવામાં સમર્થ છે. કેવળજ્ઞાની સિવાય આ જગત તો અરૂપી પદાર્થો દેખવાના સંબંધમાં અસમર્થ છે. અર્થાત્ અરૂપી પદાર્થો જોઈ શકવાની શક્તિ, કેવળજ્ઞાની સિવાય વિશ્વના કોઈપણ અન્ય પ્રાણીમાં હોઈ શકે જ નહિ.

અરૂપી પદાર્થો જોવાની શક્તિ કોઈનામાં પણ હોય તો તે એક માત્ર સર્વજ્ઞ પરમાત્મામાં જ હોય છે. સર્વજ્ઞ ભગવંતો આ સંસારના રૂપી અને અરૂપી એ સઘળાય પદાર્થો અને તેના ગુણધર્મો જાણી શકે છે. તે સિવાય અરૂપી પદાર્થોને જાણવાની તાકાત બીજા કોઈમાં પણ હોઈ શકતી નથી.

માણસ દરેક વસ્તુને ઈન્દ્રિયોથી જુએ છે. પરંતુ ઈંદ્રિયો તો કેટલું અલ્પ જોઈ શકે છે, તે વિચારો તો સમજાશે કે પાણીના ગ્લાસમાં આંખ વડે જોવાથી એકેય જીવ (ત્રસજીવ) ન દેખાય. પણ મેગ્નિફાઈંગ ગ્લાસથી જોશો તો હજારો જીવ જોઈ શકાશે. માટે સમજાવું જરૂરી છે કે જે એકલી આંખથી જોઈ શકાય નહિં. તે કોઈ સાધન વડે જ આંખથી દેખી શકાય. અને સાધનથી પણ જે ન દેખી શકાય તે સર્વજ્ઞને સર્વજ્ઞતાથી દેખાય. સર્વજ્ઞતા તો જીવ માત્રમાં છે. પરંતુ સંસારી જીવોની



તે સર્વજ્ઞતા કર્માવરણથી આચ્છાદિત બનેલી છે. દરેક જીવ પોતાનામાં રહેલી સર્વજ્ઞતા પ્રગટ કરીને તે સર્વજ્ઞતા વડે વિશ્વના રૂપી-અરૂપી સર્વ પદાર્થને અને તેના ત્રણે કાળના ગુણધર્મને જાણી શકે છે.

મેગ્નિફાઈંગ ગ્લાસના ઉપયોગ વડે પાણીના ગ્લાસમાં હજારો જીવ જોઈ શક્તો અનુભવી, મેગ્નિફાઈંગ ગ્લાસની સમજણ વિનાના ગામડીઆ ગમારને તે ગ્લાસના પાણીમાં હજારો જીવ હોવાનું કહે તો, તે ગમાર કદાપિ માનવા તૈયાર થાય નહિં.

તેવી રીતે સર્વજ્ઞતાની સમજ વિનાનો જીવ, સર્વજ્ઞોએ સર્વજ્ઞતા વડે આવિષ્કારિત પદાર્થ વિજ્ઞાનને સમજી ન શકે તે સ્વાભાવિક છે.

સર્વજ્ઞતા એ શું છે? તે કેવી રીતે પ્રગટ થાય છે? પ્રગટ થતાં પહેલાં તેની પ્રગટતાનું અવરોધક તત્ત્વ શું છે? તે અવરોધક તત્ત્વ ક્યાંથી આવ્યું? કેવી રીતે આવ્યું? તેને કેવી રીતે હટાવી શકાય? કોણે હટાવ્યું? તે હટાવીને સર્વજ્ઞ બનનાર આત્માની સર્વજ્ઞતા દ્વારા આવિષ્કારિત પદાર્થ વિજ્ઞાન, વર્તમાન વૈજ્ઞાનિક ક્ષેત્રમાં યંત્રાદિ સામગ્રી દ્વારા આવિષ્કારિત વિજ્ઞાન વડે કેવી રીતે સત્ય પુરવાર થયું? આ બધી સમજણ જૈનદર્શનના દ્રવ્યાનુયોગવિષયી ગ્રંથોના અધ્યયનથી જ જાણી-સમજી શકાય છે.

**પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી વસ્તુની સિદ્ધિ :-**

જગતની પ્રત્યેક વસ્તુનું અસ્તિત્વ, પ્રત્યક્ષ પ્રમાણથી જ માનવાનો આગ્રહ કરવો તે તો માત્ર હઠવાદ કે કદાગ્રહ જ છે. પદાર્થો જાણવાને માટે પ્રમાણના બે ભેદ છે. (૧) પ્રત્યક્ષ પ્રમાણ અને (૨) પરોક્ષ પ્રમાણ. જે જીવ પોતાના ઉપયોગથી દ્રવ્યને જાણે તે પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે. જેમ કેવળી ભગવાન છએ દ્રવ્યને પ્રત્યક્ષ પ્રમાણથી જાણે તથા દેખે પણ છે.

પરોક્ષ પ્રમાણમાં વસ્તુને પ્રત્યક્ષ રીતે ન જાણી શકે. પરંતુ (૧) અનુમાન (૨) આગમ અને (૩) ઉપમાન, એ ત્રણ પ્રકારમાંથી કોઈ પણ એક યા અધિક પ્રકારથી જાણી શકાય.

વ્યાપ્ય દેખીને અનુમાનથી વ્યાપકનું જ્ઞાન થાય. જેમકે ધુમાડો દેખીને અગ્નિનું અનુમાન થાય. એ રીતે જે જ્ઞાન થાય તે અનુમાન પરોક્ષ જ્ઞાન કહેવાય.

શાસ્ત્રની શાખથી જ વાત જાણીએ, જેમકે દેવલોક તથા નરક નિગોદ વગેરેનો વિચાર, શાસ્ત્રથી જાણીએ છીએ, તે "આગમ પ્રમાણ" પરોક્ષ જ્ઞાન છે.

કોઈક વસ્તુને સમાન દ્રષ્ટાંત આપીને ઓળખાવવી તે ઉપમાન-પ્રમાણ પરોક્ષજ્ઞાન કહેવાય. દૂધમાં ઘીની જેમ દ્રષ્ટાંતો દ્વારા શરીરમાં રહેલ આત્માનું અસ્તિત્વ સમજવું તે ઉપમાન પરોક્ષ જ્ઞાન કહેવાય.

એવી રીતે આત્માને પ્રત્યક્ષ કેવળજ્ઞાની (સર્વજ્ઞ)જ જોઈ શકે. છદ્મસ્થ (અસર્વજ્ઞ) જીવોએ તો ઉપરોક્ત ત્રણ પ્રકારના પરોક્ષ પ્રમાણથી જ આત્મા અને પુનર્જન્મનું અસ્તિત્વ માનવું જોઈએ.

અલ્પજ્ઞ આત્મા, પોતાના અલ્પ જ્ઞાનનો જ્યારે આગ્રહી બને છે, ત્યારે સાક્ષાત્ ભગવાન પણ તેના સંશયોને ટાળવા માટે અસમર્થ બને છે. સરળ હૃદયી માર્ગાનુસારી આત્માઓ પણ આ હકીકતને સારી રીતે સમજી શકે તેમ છે. એવા-ઓમાંના એકે કહ્યું છે કે :-

**अज्ञः सुखमाराध्यः, सुखतरमाराध्यो विशेषज्ञः ।**

**ज्ञान लव दुर्विदग्धः, ब्रह्माऽपि तं नरं न रंजयति।।**

આથી સિદ્ધ થાય છે કે કહેનાર સર્વજ્ઞ હોય તો પણ, શ્રવણ કરનાર જો સ્વમતનો આગ્રહી અને અલ્પજ્ઞ હોય તો તે સર્વજ્ઞ વચન ઉપર પણ શ્રદ્ધા કરી શકતો નથી. સર્વજ્ઞ વચન સત્ય છે, એવું હૃદયથી તો તે સ્વીકારી શકતો જ નથી. યાવત્ નિઃશંસય બની શકતો નથી. એટલું જ નહિ પણ તે પોતાના મનતી વિરૂદ્ધ જતી સર્વજ્ઞ ભગવાનની વાતોને ખોટી હોવાનું જાહેર કરે છે. પરંતુ જગતમાં જે વસ્તુ જેવા સ્વરૂપે છે, તેવા સ્વરૂપે તે વસ્તુને કદાગ્રહના વશે કોઈ ન માને તેથી કરીને તે વસ્તુ તે તે સ્વરૂપથી કદાપિ નષ્ટ થઈ શકતી નથી.

જૈનદર્શન, ચારવેદ, બૌદ્ધદર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, નૈયાયિકદર્શન, એ દરેક દર્શનશાસ્ત્રો પરથી સ્પષ્ટ સમજાય છે કે, શરીરથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ, એક સત્ પદાર્થ તરીકે અવશ્ય છે. છતાં પણ :- **(ક્રમશઃ)** ધ

## ★ પૂજ્ય ગુરુદેવના સમાચાર ★★★

પૂ. ગુરુદેવ, સન્માર્ગરક્ષક, આગમ- શિલ્પ વિશારદ આ.ભ. શ્રીમદ્ વિજય ભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં ૨ તથા પ્રવર્તિની પૂ. સા. ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા. ૪ નો બોરસદથી કા.વ.૮ તા.૫-૧૨-૨૩ મંગળવારે વાજતે - ગાજતે વિહાર થયો. વિહાર સમયે નોંધપાત્ર હાજરી હતી. પૂજ્યશ્રીએ વિહાર સમયે માંગલિક સંભળાવી માર્મિક હિતશિક્ષા પ્રદાન કરી હતી. પ્રથમ વિહાર કરી પૂજ્યો અગાસ- આશ્રમમાં પધાર્યા હતા. ત્યાંથી વ.૯ વડતાલ પધાર્યા. વ.૧૦ ગુતાલ - ઉવસગ્ગહરં તીર્થ - પરિસરમાં રોકાયા. વ.૧૧ શુક્રવારે સવારે નડિયાદ - હસમુખા આદિનાથ દર્શનાદિ કરી, વૈશાલી રોડ સ્થિત શ્રી કલ્પદ્રુમપાર્શ્વનાથની સાલગિરા પર પધાર્યા. પુણ્યાહં....ના જયઘોષ સાથે ધ્વજારોહણ થયું.



ત્યાંથી તરત શ્રીસુપાર્શ્વનાથ જિનાલય- ઉપાશ્રય પધાર્યા. વ.પ્રથમ બારસ તા. ૯-૧૨-૨૩ શનિવારે મહેન્દ્રભાઈ અંબાલાલ શાહ નિર્મિત શ્રી સુમતિનાથ જિનાલયે ૧૮ અભિષેક પ્રસંગે પધાર્યા.

વ. દ્વિતીય બારસ રવિવારે સવારે ૯ - ૦૦ કલાકે વાજતે - ગાજતે શ્રી સુમતિનાથ જિનાલયે પધાર્યા. ત્યાં પ્રવચન થયું. પ્રવચનમાં પૂ. ગુરુદેવ ધર્મતીર્થ પ્રભાવક આ.ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના સમગ્ર ચરોતર પ્રદેશ પર થયેલા ઉપકારોનું સ્મરણ કરાવ્યું... ચરોતર પ્રદેશના લગભગ તમામ ગામોના, તમામ જૈનોને ધર્મ પમાડવાનું શ્રેય પૂ. ગુરુદેવને ફાળે છે. તેઓ થકી જ; ચરોતર પ્રદેશ ખેતરોથી હરિયાળો છે તેમ ધર્મથી હરિયાળો થયો છે. આજે ઠેર ઠેર તેનાં મીઠાં ફળો જોવા મળી રહ્યાં છે.

આ શ્રી સુમતિનાથ જિનાલયની ધ્વજારોહણ સમયની ક્ષણો અગિયાર વર્ષ પૂર્વે પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલી પ્રતિષ્ઠાની યાદ આપતી હતી. પ્રવચનબાદ નવાંગી ગુરુપૂજનાદિ થયેલ. સાલગિરા પ્રસંગે પ્રત્યેક વર્ષે સમૂહ આયંબિલ કરાવાય છે.તેમાં આ વર્ષે ૩૬ આયંબિલ થયાં. સૌને રૂ.૨૨૦ ની પ્રભાવના બહુમાનરૂપે અપાઈ હતી. પ્રવચનને અંતે, સાલગિરા નિમિત્તે ડ્રાયફ્રુટ્સના પેકેટની પ્રભાવના અપાઈ હતી. મહેન્દ્રભાઈનો પરિવાર (પૂ.મુ.શ્રી દેવરત્ન વિ.મ.ના સંસારી પુત્ર) પણ ધર્મના રંગથી રંગાયેલો છે. જિનાલયમાં રોજ ૧૦૦ થી અધિક ભાગ્યશાળીઓ પૂજા કરવા આવે છે.

નડિયાદથી વ.૧૩ + ૧૪ ના વિહાર કરી પૂજ્યો નરસંડા પધાર્યા. વ.૦)) ના દિવસે વિદ્યાનગર પધાર્યા.પૂ.આ.ભ.ના સંસારી ફોઈના દીકરા ભૂપેન્દ્રભાઈ ચંદુલાલ શાહ તરફથી ત્રિખૂણિયા બગીચાથી સામૈયું થયું. લઘુ પ્રવચન થયું. ગુરુપૂજન તથા ૨૦ રૂ. ની પ્રભાવના થઈ.

માગ.સુ.૧ તા. ૧૩-૧૨-૨૩ બુધવારે પૂજ્યશ્રી ઝિટોડિયા શિવમ્ સોસાયટીના ઉપાશ્રયે પધાર્યા. બે દિવસ સ્થિરતા કરી. હવે ૯૯ મી સાલગિરા પ્રસંગે નાપાડ પધારશે. ત્યાં ૧૭ -૧૨-૨૩ રવિવારે શ્રીમુનિસુવ્રતસ્વામી જિનાલયની ૯૯ મી સાલગિરા થશે.

ત્યાંથી માગ.સુ. ૧૦ તા. ૨૨-૧૨-૨૩ શુક્રવારે નરસંડામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની વર્ષગાંઠ પર નિશ્રા પ્રદાન કરશે. ત્યારબાદ અમદાવાદ તરફ વિહાર થશે.

**નોંધ :** બોરસદમાં સાચાઅર્થમાં થયેલ દિવાળી વગેરેના સમાચાર આવતા અંકે આપવામાં આવશે. ધ